# આજે આઈઆઈટી-ગાંધીનગરમાં કોગ્નેટિવ સાયન્સ પર કોન્ફરન્સ

## કોગ્નેટિવ સાયન્સ એક્સપર્ટ 'હ્યુમન કોગ્નેટિવ' પર કરશે ચર્ચા

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ભારતમાં સૌ પ્રથમવાર માણસના વિચારવાની શક્તિ અને ત્યાર બાદ માણસ ક્યા પ્રકારનું વ્યવહાર કરે છે તે બાબતને સ્ટડી સબજેક્ટ તરીકે ભણાવવાનું શરૂ કરનાર આઈઆઈટી ગાંધીનગર દ્વારા આજે 'કોગ્નેટિવ સાયન્સ' પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કર્યુ છે. જેમાં કોગ્નેટિવ સાયન્સનું મહત્વ અને માણસને કેવી રીતે વિચારે છે અને બિહેવીયર કરે છે તે વિશે ચર્ચા કરવામાં આવશે. આ સાથે ગ્લોબલ લેવલ પર થયેલા રિસર્ચ પર ચર્ચા કરવામાં આવશે. 2019માં યોજાનારી ચૂંટણીની વ્યુહરચના બનાવવાનું રાજકીય પાર્ટીઓ તૈયારીઓ પ્રારંભ કરી દીધી છે, ત્યારે કોગ્નેટિવ સાયન્સ વિષય પણ લોકો પાર્ટીને લઈને શું વિચારી રહ્યા છે અને તેઓ ક્યા પ્રકારનું રિએક્શન આપશે તે વિશેનું પૂર્વઅનુમાન કરવા માટે કોગ્નેટિવ સાયન્સ સ્ટડીનો સપોર્ટ લે છે.

ખાસ કરીને અમેરિકા જેવા દેશોમાં ચૂંટણી પહેલા આ સ્ટડી ખૂબ અગત્યની હોય છે ત્યારે 2019માં યોજાનારી ચૂંટણીમાં પણ કોગ્નેટિવ સાયન્સનો રોલ અગત્યનો રહેશે.

### કોગ્નેટિવ સાયન્સ શું છે?

કોગ્નેટિવ સાયન્સ એટલે માણસ કેવું વિચારે છે અને વિચારના તબક્કા બાદ હ્યુમન માઈન્ડ ક્યા પ્રકારનું અનુકરણ કરે છે તે વિશેની સ્ટડીને કોગ્નેટિવ સાયન્સ તરીકે ઓળખવામાં આવે છે. કોગ્નેટિવ સાયન્સનો અત્યાર સુધી યુઝ માર્કેટિંગમાં થતો હતો પણ હવે સમયાંતરે સાયકોલોજીસ્ટ, રાજકિય પાર્ટીઓ પોલીટિક્સ અને અન્ય ઘણા બધા ક્ષેત્રોમાં કોગ્નેટિવ સાયન્સના રિસર્ચનો ઉપયોગ કરવામાં આવે છે. આઈઆઈટી ગાંધીનગર ભારતમાં પ્રથમ આ વિશે કોર્સ ડિઝાઈન કરીને સ્ટડી કરાવતી ઈન્સ્ટિટ્યૂટ છે. જેમાં એમ.એસયસી અને પીએચ.ડી આ વિષયમાં થાય છે.

**Title:** Conference on Cognitive Science at IITGN today
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 16/11/2018